# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજે પાંચ દિવસીય બિઝનેસ એક્ઝિબિશનનું ઉદ્ઘાટન

## ‘લોકલ’ કારીગરથી લઈને ‘ગ્લોબલ’ માર્કેટમાં ડંકો વગાડતી કંપનીઓની ક્ષમતા જોવા મળશે : વિવિધ સેક્ટર્સના ભવિષ્યના અવસરોને ઉજાગર કરતાછ થીમ પેવેલિયન દર્શકો માટે બનશે આકર્ષણનું કેન્દ્ર




રાજકોટ

‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’માં એક તરફ દેશ-વિદેશના પ્રતિનિધિઓ વચ્ચે બી-ટુ-બી ડીલ ચાલતી હશે, બીજી તરફ બિઝનેસ એક્ઝિબિશનમાં ‘લોકલ’ કારીગરથી લઈને ‘ગ્લોબલ’ માર્કેટમાં ડંકો વગાડતી ભારતીય કંપનીઓની ક્ષમતાથી મુલાકાતીઓ અવગત થતા હશે. આમ ‘વી.જી.આર.સી.’ ખરા અર્થમાં ‘ક્ષેત્રીય આકાંક્ષાઓ સાથે વૈશ્વિક મહત્વકાંક્ષા’ (Regional Aspirations, Global Ambitions)ના સમન્વયનો મંચ બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૧મી જાન્યુઆરીએ મારવાડી યુનિવર્સિટી ખાતે ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ની સાથે ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન’નું પણ ઉદ્ઘાટન કરશે. ‘ફચ્ઈ-કોન્ફરન્સ’ બે દિવસ ચાલશે જ્યારે ‘ફચ્ઈ-એક્ઝિબિશન’ ૧૫મી જાન્યુઆરી સુધી ખુલ્લું રહેશે. આ એક્ઝિબિશનમાં ૧૮ હજાર ચોરસ મીટર જગ્યામાં વિશાળ ડોમમાં છ થીમ પેવેલિયન બનાવવામાં આવ્યા છે. જેમાં વિવિધ ક્ષેત્રોના ભવિષ્યની તકોને ઉજાગર કરતી વિવિધ બાબતો રજૂ કરવામાં આવનાર છે.હોલ નં. ૦૧ માં ‘ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ’ની થીમ સાથે પ્રદર્શન રાખવામાં આવ્યું છે. જેમાં જાપાનની જેટ્રો (જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન), ઉદ્યોગ અને ખાણ વિભાગ-ગુજરાત સરકાર, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ, ધોલેરા સર, ગુજરાત માઈન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન, એસ.બી.આઈ., ગુજરાત ટૂરિઝમ, મિનિસ્ટ્રી ઓફ ટૂરિઝમ-ભારત સરકાર વગેરેના આકર્ષક સ્ટોલમાં વિવિધ વિગતો જાણવા મળશે.

અહીં બિઝનેસ ટુ બિઝનેસ મિટિંગ માટે રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ પણ થશે.

હોલ નં. ૦૨ માં ‘ગ્રીન એનર્જી ઈકો સિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ’ની થીમ સાથે પ્રદર્શન યોજવામાં આવ્યું છે. અહીં ટોરેન્ટ પાવર, પિક્સોન કંપની, પેરામાઉન્ટ, સનીફાઈ, રેડરેન સોલાર, કોસોલ વગેરેના સ્ટોલ્સમાં એનર્જી સેક્ટર અને ગ્રીન એનર્જી સંલગ્ન વિવિધ બાબતો રજૂ કરવામાં આવશે. હોલ નં. ૦૩ માં ‘હસ્તકલા ગ્રામ્ય અને એમ.એસ.એમ.ઈ.’ થીમનું પ્રદર્શન રાખવામાં આવ્યું છે. અહીં ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર, ગૌ યોગ કેન્દ્ર, સિગ્નસ મોટર્સ વગેરેના સ્ટોલ રાખવામાં આવ્યા છે. ઉપરાંત ‘વોકલ ફોર લોકલ’ને પ્રોત્સાહન આપવા સ્વદેશી હાટ અંતર્ગત વિવિધ સ્ટોલ્સ, ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ, વિઝન એનર્જી વગેરેના સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. ‘વોકલ ફોર લોકલ’ના મંત્રને સાર્થક કરતાં સ્થાનિક ગ્રામીણ કારીગરોના ઉત્પાદનોથી લઈને અહીં એમ.એસ.એમ.ઈ.ની તાકાતનું નિદર્શન જોવા મળશે.

હોલ નં. ૦૪ માં ‘ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ’ (અવસરોનો મહાસાગર)ની થીમ સાથે પ્રદર્શન યોજવામાં આવ્યું છે. જેમાં ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા એક મોટા જહાજમાં બંદર અને સમુદ્રી ક્ષેત્રના વિકાસની તકોનું નિદર્શન કરવામાં આવશે. ઉપરાંત અહીં રિલાયન્સ ન્યૂ એનર્જી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, વન્ય પ્રાણીઓના રાહત-બચાવ માટે કાર્યરત વનતારા, ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, શ્રી રામ એરોસ્પેસ, એસ.એલ.એસ., યુનિક ફોર્જ, વી.વી.પી. એન્જિનિયરિંગ વગેરેના સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. હોલ નં. ૦૫ માં ‘એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન’ની થીમ સાથે પ્રદર્શન યોજવામાં આવ્યું છે. અહીં ભારતની મહારત્ન કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, એસ્સાર, ન્યારા એનર્જી, જ્યોતી સી.એન.સી., એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ભારતીય શેરબજાર અને સંલગ્ન ઓથોરિટી, નિરમા, બેન્ક ઓફ બરોડા, જે.કે. ટાયર્સ સહિતના મોટા સ્ટોલ્સ છે.

હોલ નં. ૦૬ માં ‘પબ્લિક સેક્ટર પાવર હાઉસ’માં રાજયના શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી, ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન (ગેમી), નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, વન વિભાગ-ગુજરાત રાજ્યના સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. આ તમામ સ્ટોલમાં વિવિધ ક્ષેત્રો દ્વારા દેશની અર્થવ્યવસ્થામાં અપાતા યોગદાન સાથે ભવિષ્યની સંભાવનાઓની એક ઝાંખી પણ જોવા મળશે. ઉદ્યોગકારો અને બિઝનેસમેન ઉપરાંત આ થીમ પેવેલિયન્સ થકી દર્શકોના જ્ઞાન-માહિતીમાં વધારો થશે તેમજ વિવિધ ક્ષેત્રોને સમજવાનો નવો દ્રષ્ટિકોણ મળશે.

આલેખન: સંદીપ કાનાણી

# વાઇબ્રન્ટ ગુજરાત સમિટ:ઘરેણાં બનાવટમાં વૈશ્વિક ફલક પર રાજકોટની ’વાઇબ્રન્ટ’ ચમક એટલે ચાંદીનો ઉદ્યોગ

## ઇનોવેટિવ અને વેરાયટી ધરાવતા દાગીના બનાવવામાં રાજકોટનો ચાંદી ઉદ્યોગ દેશમાં પ્રથમ ક્રમે



રાજકોટ,

પ્રાચીન કાળથી સોનું અને ચાંદી માન-મોભાના પ્રતીક રહ્યાં છે. અનેક ક્ષેત્રે આગળ રહેલું રાજકોટ ચાંદીના ઉદ્યોગ ક્ષેત્રે વૈશ્વિક ફલક પર ’વાઈબ્રન્ટ’ ચમક ધરાવે છે, જે પ્રત્યેક રાજકોટવાસી માટે ગૌરવની બાબત છે. સામાન્ય રીતે, દેશના દરેક શહેરમાં સોની બજાર તો હોય જ છે પરંતુ રાજકોટના ઘરેણાંની બોલબાલા હોવા પાછળ મુખ્ય કારણ તેની ઉત્તમ ગુણવત્તા અને અદભૂત ફિનિશિંગ છે. ગ્રાહકની પસંદગી મુજબ આકર્ષક ડિઝાઈન અને સમયસર ઘરેણાંની ડિલિવરી આપવાની કાર્યક્ષમતામાં રાજકોટનો આજે પણ કોઈ જોટો જડે તેમ નથી.

રાજકોટમાં સોના-ચાંદીનો વ્યવસાય આઝાદી પૂર્વેથી છે, જે ૧૦૦થી વધુ વર્ષોનો ઈતિહાસ ધરાવે છે. ચાંદીના વ્યવસાયની વાત કરીએ તો, વર્ષ ૧૯૯૦ બાદ આ ઉદ્યોગે નિકાસ ક્ષેત્રે મોટી હરણફાળ ભરી છે.

રાજકોટમાં ચાંદીના પરંપરાગત પાયલ, વિંછીયા, કંદોરા અને વીટી તો બને જ છે, પરંતુ આધુનિક કી-ચેઈન, ઈશ્વરની મૂર્તિ, બોલપેન, શો-પીસ, સિક્કા, તલવાર જેવી અનેક વસ્તુઓ તૈયાર થાય છે. વર્ષ ૨૦૧૦થી અહીં ઈટાલિયન ટેકનોલોજીનો ઉપયોગ કરીને પણ વેક્યુમ કાસ્ટિંગ પ્રોસેસથી દાગીના બનાવવામાં આવે છે. હાલમાં રાજકોટમાં બનેલા ’લાઈટ વેઈટ ડેલિકેટ’ ચાંદીના દાગીનાનો મહિલાઓમાં ક્રેઝ જોવા મળી રહ્યો છે. સિલ્વર મેન્યુફેક્ચર એસોસિએશન, ઊપલાકાંઠાના પ્રમુખ શ્રી અનિલભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, હાલમાં જડતર કામ, ડાયમંડ-સ્ટોનવાળા સેટ અને ગોલ્ડ પ્લેટિંગ, રોઝ ગોલ્ડ અને કોપર ફિનિશ ધરાવતી ફેન્સી પાયલ, બેલ્ટ તથા લકીની માંગ વધુ છે. અહીંના ડાયમંડ કંગન ખૂબ વખણાય છે. રાજકોટમાં ૦૧થી ૧૨ લાઈન એટલે કે ૨૦ ગ્રામથી લઈને ૬૦ ગ્રામ સુધીના ઝાંઝર બને છે. દરરોજ સરેરાશ ૨૦૦૦થી ૩૦૦૦ કિલોગ્રામ ચાંદીમાંથી ઘરેણાંનું ઉત્પાદન થાય છે, જેના પરથી ચાંદીના ઉદ્યોગની વ્યાપકતાનો અંદાજ લગાવી શકાય છે. અહીંની સૌથી મોટી વિશેષતા છે, ’ખુશ્બુ’ પાયલ જે માત્ર રાજકોટમાં જ બને છે. ઈનોવેશન અને વેરાયટી ધરાવતા દાગીના બનાવવામાં રાજકોટનો ચાંદી ઉદ્યોગ દેશમાં પ્રથમ ક્રમે છે.

સિલ્વર મેન્યુફેક્ચર એસોસિએશન, ઊપલાકાંઠાના ઉપપ્રમુખ શ્રી અલ્પેશભાઈ લુણાગરીયા જણાવે છે કે, અમારા એસોસિએશનમાં આશરે ૧૨૦૦ યુનિટ નોંધાયેલા છે, જે અંદાજે ૨ લાખથી ૨.૫૦ લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે. આ ઉદ્યોગ આજુબાજુના ૨૦ કિલોમીટરના વિસ્તારની મહિલાઓને પણ ઘરે બેઠા દાગીનામાં ઘૂઘરી-કડી બીડવી, મીણા લગાવવા જેવા કામ આપી, તેઓને માનભેર રોજગારી પૂરી પાડીને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવે છે.

રાજકોટની ચાંદીની જ્વેલરી માત્ર ગુજરાત જ નહીં, પરંતુ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મુંબઈ, દિલ્હી, દક્ષિણ ભારત એમ ઓલ ઈન્ડિયામાં જાય છે. એટલું જ નહી, ગલ્ફ કન્ટ્રી, આફ્રિકા અને મેક્સિકોમાં પણ એક્સપોર્ટ થાય છે.

આલેખન : માર્ગી મહેતા

# કિચનવેર પ્રોડ્ક્ટસમાં ભારત બન્યું આત્મનિર્ભર - ૪૫૦૦થી વધુ વેરાયટીમાં કિચન ટૂલ્સ બનાવવામાં રાજકોટનું આધિપત્ય

## રાજકોટમાં રોજના ૨૫ લાખ ગેસ લાઈટર, ૪૦ લાખ છરી અને ૧૫ હજારથી સેવ-ગાંઠિયાના સંચા બને છે: કિચનવેર ગૃહઉદ્યોગ - ૬૦ ટકા મહિલા કારીગરોની હિસ્સેદારી

રાજકોટ

રસોડાની રાણી માટે રાજકોટ શહેરમાં કીચનવેરની વિશાળ રેન્જ ઉપલબ્ધ છે, અને આ રેન્જ રસોડાની રાણીઓ જ બનાવી રહી છે. જે રાજકોટ માટે ગૌરવની વાત છે.

રસોઈ માટેના આધુનિક સાધનોએ હોમમેકર મહિલાઓ માટેની રસોઈની પરિભાષા જ બદલી નાખી છે. એક જમાનામાં લોકો છરી-ચપ્પુની ધાર કઢાવતા, પરંતુ હવે ધાર કઢાવવા જેટલા પૈસામાં તો નવું ચપ્પુ મળી રહે છે. માત્ર ૧૦ રૂ. ની કિંમતથી માંડીને રૂ. ૫૦૦ સુધીના છરી-ચપ્પુ હવે રાજકોટમાં જ મળી રહે છે. હોલસેલ ભાવે રૂ. ૪૦માં ચોપર, ૨૦રૂ. માં ગેસ લાઈટર અને છરીમાં તો ૪૦થી વધુ વેરાઈટી મળી રહે છે.

પહેલા કિચનવેર પ્રોડ્ટક્સ ચાઈનાથી આવતી. પરંતુ બદલાતા સમય સાથે રાજકોટમાં ૩૫૦ જેટલા મોટા ઉદ્યોગ અને લગભગ ૨૫૦૦થી વધુ નાના મોટા ગૃહ ઉદ્યોગમાં કીચન પ્રોડ્ટક્સ બને છે. રસોડામાં કામ કરતી મહિલાઓના અનુભવનો ઉપયોગ કરીને કિચન વેરની રેન્જમાં સતત સુધારો અને વધારો કરવામાં આવે છે જેને લીધે કિચનવેરની બજારમાં સતત નવા અને ઉપયોગી સાધનો બનતા રહે છે.

આ અંગે કિચનવેર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખશ્રી કરસનભાઈ લીંબાસીયા જણાવે છે કે, ગેસ લાઈટર, નાઈફ, જ્યુસર, સ્લાઈસર, સેવ-ગાંઠીયાના સંચા સહીત અનેક વેરાઈટી રાજકોટમાં બનતા હવે મોટાભાગે મેઈડ ઈન ઈંડિયા પ્રોડક્ટ્સના ચલણને કારણે આ ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બન્યું છે.

ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા શ્રી ભરતભાઈ અકબરી જણાવે છે કે, રાજકોટમાં લેબર કોસ્ટ સસ્તી છે. ખાસ કરીને મહિલાઓ એસેમ્બલિંગ અને પેકેજિંગમાં મદદરૂપ બનવા ઉપરાંત મહિલાઓના કામમાં ઉચ્ચકક્ષાની ચોકસાઈ જોવા મળે છે. અમારા ઉદ્યોગમાં ૬૦ ટકા જેટલી મહિલાઓ સાથે કુલ ૧૫,૦૦૦થી વધુ વ્યક્તિઓને સીધી રોજગારી મળી રહી છે.

રાજકોટમાં બનતી પ્રોડ્ટક્સ આફ્રિકા સહિતના દેશમાં નિકાસ પણ થાય છે. એક્સપોર્ટ ક્વોલિટીના પિત્ઝા કટર, ચોપિંગ પેડ સહિતના વિવિધ કિચન ટૂલ્સ અમેરિકા સહિતના દેશોમાં ભરતભાઈની કંપની એક્સપોર્ટ કરે છે.રાજકોટમાં રોજ ૨૫ લાખથી વધુ તો ગેસ લાઈટર બને છે. આ ઉપરાંત રાજકોટના નાનામોટા કીચનવેરના મેન્યુફેકચરીંગ યુનિટસ દરરોજ ૪૦ લાખ જેટલી છરી અને ૧૫ હજારથી વધુ સેવ-ગાંઠિયા બનાવવાના સંચા બનાવે છે.

રાજકોટ હવે ચાઈના પર ડિપેન્ડટન્ટ રહ્યું નથી. ચીન કરતા ઓછા ભાવે આપણે માલ સપ્લાય કરીએ છીએ જેમાં ૨૫૦ થી વધુ કિચનવેર ટૂલ્સ બનાવતા શ્રી હસમુખભાઈ પટેલ કિચનવેર ઈન્ડસ્ટ્રીઝના ગ્રોથથી ખુબ જ ખુશ છે. તેઓની પ્રોડ્ટક્સ એમેઝોન સહીત ઓનલાઈન સાઈટ, મોલ અને ડોમેસ્ટિક માર્કેટમાં ધૂમ વેચાણ કરે છે. તેઓ જણાવે છે કે, ભારતની ૭૦ ટકા જેટલી કિચનવેર જરૂરિયાત માત્ર રાજકોટ પૂરું પાડી રહ્યું છે.

### કિચન વેરની હોલસેલ કિંમતની એક ઝલક આ મુજબ છે

છરીઓની કિંમત ગુણવત્તા અને બ્રાન્ડ અનુસાર રૂ. ૬ થી રૂ. ૮૦ સુધી છે.

ગેસ લાઈટરની કિંમત રૂ. ૭ થી રૂ. ૭૦

સંચાની કિંમત રૂ. ૧૨૦ થી રૂ. ૧૮૦

પુરી પ્રેસ મશીનની કિંમત રૂ. ૧૫૦ થી રૂ. ૩૫૦

ચોપરની કિંમત રૂ. ૪૫ થી રૂ. ૯૦

ચોપિંગ બોર્ડની કિંમત રૂ. ૧૨૦ થી રૂ. ૫૦૦

હેન્ડ જ્યુસરની કિંમત મોડેલ અનુસાર રૂ. ૧૫૦ થી રૂ. ૨૮૦

ચા ગાળવાની ગળણીની કિંમત રૂ. ૨૫ થી રૂ. ૪૫

પિઝા કટર રૂ. ૩૦થી રૂ. ૬૦

બટાકા અને શાકભાજી સ્લાઈસર / ગ્રેટર રૂ. ૩૦થી રૂ. ૧૪૦

ખાસ લેખ - સોનલ જોશીપુરા, રાજકુમાર સાપરા

# કચ્છ-સૌરાષ્ટ્ર માટે VGRC ૨૦૨૬: ગુજરાતની ગ્રીન એનર્જી વિઝનને મળશે વૈશ્વિક મંચ

## મિશન ૧૦૦GW (શપથપત્ર): પંચામૃત પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતા હેઠળ, ગુજરાત ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ચ્ઉ થી વધુ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખે છે : ’પરમાણુ ઉર્જાના ઉપયોગ માટેનો રોડમેપ’ પર એક સત્ર ભારતના પરમાણુ ઉર્જા રોડમેપમાં ગુજરાતની ભૂમિકા દર્શાવશે

ગાંધીનગર,

કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટેની વાયબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) ૨૦૨૬નું આયોજન ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાજકોટમાં કરવામાં આવી રહ્યું છે. બે દિવસીય આ ઐતિહાસિક સમિટનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના ’પંચામૃત’ લક્ષ્યોની રૂપરેખા આ રીતે આપી છે: ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત ઉર્જા ક્ષમતા પ્રાપ્ત કરવી, નવીનીકરણીય સ્ત્રોતોમાંથી દેશની ૫૦% ઊર્જાની જરૂરિયાતો પૂર્ણ કરવી, કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટન ઘટાડો કરવો, ૨૦૩૦ સુધીમાં કાર્બન તીવ્રતામાં ૪૫% ઘટાડો કરવો અને ૨૦૭૦ સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન પ્રાપ્ત કરવું.

### પ્રથમ દિવસ: ગ્રીન ગ્રોથ અને બ્લુ એનર્જી પર કેન્દ્રિત ચર્ચાઓ

૧૧ જાન્યુઆરીના રોજ ‘તકોનો મહાસાગર – બ્લુ એનર્જી, ગ્રીન ફ્યુચર’ વિષય પર ઝઈ રાઉન્ડટેબલ બેઠક યોજાશે, જેમાં ગ્રીન સ્ટાર્ટઅપ્સ ફાયરસાઈડ ચેટ, બ્લુ એનર્જી અને હરિત રોકાણોની સંભાવનાઓ પર ચર્ચા થશે. સાથે જ ‘કાર્બન ટુ ક્રોપ્સ: ગ્રીનર મોલેક્યુલ્સ, ગ્રેટર યીલ્ડ્સ’ વિષયક બેઠકમાં કાર્બન કેપ્ચર આધારિત કૃષિ ઉકેલો પર ફોકસ કરવામાં આવશે. આ ઉપરાંત ‘ગુજરાત – ઈન્ડિયાઝ એનર્જી ગેટવે: લીડિંગ ધ કર્વ ઈન ઓઈલ એન્ડ ગેસ’ સત્ર, સાથે જ પ્રદર્શન-કમ-ટ્રેડ શો યોજાશે, જેમાં ડે-ટાઈમ પાવર ટુ એગ્રીકલ્ચર, રિન્યુએબલ એનર્જી ઉત્પાદન માટે ખાતરીપૂર્વકની કનેક્ટિવિટી અને પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના હેઠળ સોલાર રૂફટોપમાં અખિલ ભારતીય શ્રેષ્ઠ પ્રદર્શન દર્શાવવામાં આવશે.

### બીજા દિવસે: નીતિ, ટેકનોલોજી અને ૧૦૦ GW મિશન

૧૨ જાન્યુઆરીના મુખ્ય કાર્યક્રમ સોલાર ડિવિડન્ડ્સ: પીએમ-કુસુમ અને પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના દ્વારા સશક્તિકરણ સાથે શરૂ થશે. આ દિવસે ૈંફ઼્ન અને તેની પેટાકંપનીઓની શ્રેષ્ઠ પ્રથાઓ પર પ્રકાશ પાડતા સંક્ષેપનું વિમોચન, ૈં પર હસ્તાક્ષર અને લાભાર્થીઓ, વિક્રેતાઓ અને કર્મચારીઓનું તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે સન્માન કરવામાં આવશે.

AI/ML દ્વારા સ્માર્ટર રિન્યુએબલ એનર્જી ઈન્ટિગ્રેશન અને સ્ટેડિયલ સ્ટોરેજ સોલ્યુશન્સ, સ્વચ્છ ઉર્જાને સક્ષમ બનાવતા કેબલ્સ: લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી સાથે રિન્યુએબલ એનર્જી ઈન્ટરવોવન, એક કોરિડોર, ઘણા જોડાણો: ક્લાયમેટ-રેઝિલિઅન્ટ એનર્જી સિસ્ટમ્સ, મિશન ૧૦૦ ચ્ઉ (શપથ પત્ર): પંચામૃત પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતા, અને પરમાણુ ઉર્જાના ઉપયોગ માટે રોડમેપ પર પણ ચર્ચા થશે.

‘મિશન ૧૦૦ ચ્ઉ (શપથ પત્ર): પંચામૃત પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતા’ વિષયક ઉચ્ચસ્તરીય પેનલ ગુજરાતના ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ચ્ઉથી વધુ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાના સંકલ્પને રેખાંકિત કરશે. આ સાથે ‘ગ્રીન હાઈડ્રોજન નીતિ’ અને ‘પરમાણુ ઊર્જાના ઉપયોગ માટેનો રોડમેપ’ પરના સત્રો રાજ્યના હાઈડ્રોજન ઈકોસિસ્ટમ અને ભારતની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષામાં ગુજરાતની ભૂમિકાને ઉજાગર કરશે.

# રીજીયોનલ વાઈબ્રન્ટ સમિટમાં આજે નારીશક્તિ ઉદ્યોગ સંવાદ યોજાશે

## ૨૦ પ્રતિભાશાળી મહિલા ઉદ્યોગ સાહસિકોનું અભિવાદન કરાશે

રાજકોટ,તા.૧૦

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવાના ઉમદા હેતુથી ’વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ -VGRC’નું આયોજન કરવામાં આવ્યું છે.

આ શ્રેણીના ભાગરૂપે, આજે રાજકોટની મારવાડી યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે ’નારી શક્તિ ઉદ્યોગ સંવાદ: એમ્પાવરિંગ વિમેન, એમ્પાવરિંગ ગુજરાત’ વિષય પર એક વિશેષ સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યાં છે.

આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજય મંત્રી હર્ષભાઈ સંઘવીની ગરિમામય ઉપસ્થિતિ રહેશે. સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય આધુનિક વ્યવસાયિક જગતમાં મહિલાઓના નેતૃત્વને નવી દિશા આપવી અને રાજ્યના આર્થિક વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનને પ્રોત્સાહન પૂરું પાડવાનો છે.

કાર્યક્રમની વિગતો અનુસાર, સેમિનારની શરૂઆત બપોરે ૪ કલાકે થશે, જેમાં મહિલા ઉદ્યોગ સાહસિકો અને વિષય નિષ્ણાતો વચ્ચે સીધો સંવાદ યોજાશે. ત્યારબાદ સાંજે ૦૪:૩૦ કલાકે ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ મમતા વર્મા દ્વારા સ્વાગત પ્રવચન અને ઉદ્યોગ કમિશનરેટના સંયુક્ત સચિવ જયશ્રીબેન દેસાઈ દ્વારા મહિલા સશક્તિકરણ પર પ્રારંભિક સંબોધન કરવામાં આવશે. કાર્યક્રમમાં રાજયના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી ૨૦ જેટલી પ્રતિભાશાળી મહિલા ઉદ્યોગ સાહસિકોનું સન્માન કરશે.

આ સાથે મહિલા અને બાળ વિકાસ મંત્રી મનીષા વકીલ પણ ઉપસ્થિત રહી સરકારની મહિલાલક્ષી નીતિઓ અને કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપશે.

સેમિનારના મુખ્ય આકર્ષણ તરીકે પદ્મશ્રી એવોર્ડ વિજેતા અને કમાણી ટ્યુબ્સના ચેરપર્સન શ્રીમતી કલ્પના સરોજ ’એન્ટરપ્રિન્યોરશિપ અગેન્સ્ટ ઓલ ઓડ્સ’ વિષય પર પોતાની પ્રેરણાદાયી સંઘર્ષગાથા રજૂ કરશે.

આ ઉપરાંત, ઈન્વેસ્ટ ઈન્ડિયાના CEO નિવૃતિ રાય વૈશ્વિક રોકાણ અને ટેકનોલોજીના બદલાતા પ્રવાહો વિશે, જ્યારે GRIT ના CEO એસ. અપર્ણા (IAS) વહીવટી કુશળતા અને વ્યૂહાત્મક ભૂમિકા અંગે સંબોધન કરશે. સામાજિક ઉદ્યોગ સાહસિક પાબીબેન રબારી અને સુપ્રસિદ્ધ લોકગાયિકા ગીતાબેન રબારી પરંપરાગત કળા અને સંસ્કૃતિના માધ્યમથી મહિલા ઉત્થાનના તેમના અનુભવો વહેંચશે. સાથે જ એક્સિલરેટ ઈન્ડિયાના ડો. નેહા શર્મા ભારતને વૈશ્વિક ટેક હબ બનાવવાના વિઝન પર પ્રકાશ પાડશે.

આ કોન્ફરન્સ માત્ર મહિલા સશક્તિકરણ પૂરતી સીમિત ન રહેતા, પ્રાદેશિક સ્તરે ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ સમાંતર સેમિનારોનું પણ સાક્ષી બનશે. જેમાં MSME ક્ષેત્રને મજબૂત કરવા, એગ્રો-પ્રોસેસિંગ યુનિટ્સની સ્થાપના અને રાજકોટના એન્જિનિયરિંગ હબને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવા માટેના ટેકનિકલ સત્રો યોજાશે.

- વિશેષ અહેવાલ - ભાવિકા લીંબાસીયા

# વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન સમારોહમાં ગીતાબેન રબારી ડાયરાની રમઝટ બોલાવશે

## ૧૦ કલાવૃંદો રાસ-ગરબા, હૂડો કથ્થક સહિતની કૃતિઓ રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે

રાજકોટ,

જાન્યુઆરી - ગુજરાત જ્યારે વૈશ્વિક સ્તરે વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહ્યું છે, ત્યારે ગુજરાતીઓ પોતાના સાંસ્કૃતિક મૂળ અને વિરાસતને પણ એટલા જ ગૌરવ સાથે જીવંત રાખી રહ્યાં છે. રાજકોટ શહેરમાં આજે યોજાનારી ’વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ આર્થિક વિકાસ અને ભારતીય સંસ્કૃતિના સંગમ સમાન બની રહેશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ વાઈબ્રન્ટ કોન્ફરન્સનો શુભારંભ કરાશે.

આ ઉદ્ઘાટન સમારોહને યાદગાર બનાવવા માટે પ્રખ્યાત કલાકાર ગીતાબેન રબારીના સૂરના તાલે પ્રેક્ષકોને મનોરંજનની સાથે ગુજરાતી અસ્મિતાની અનુભૂતિ કરાવશે. આ લોકગીતો અને ડાયરાની રમઝટ વાતાવરણમાં અનેરો ઉત્સાહ ભરી દેશે. કલા અને સંગીતના માધ્યમથી વિકાસના ઉત્સવને વધાવવાની રીત આપણી ’અતિથિ દેવો ભવ:’ની ભાવનાને પ્રબળ બનાવે છે.

આ ઉપરાંત, વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં ગુજરાતના વિવિધ ૧૨ જિલ્લાઓમાંથી આવેલા ૧૦ કલાવૃંદો મુખ્ય માર્ગ પર ઢોલ-શરણાઈના નાદ સાથે પ્રધાનમંત્રીનું સ્વાગત કરશે. આ કલાકારો તા. ૧૧થી ૧૫ જાન્યુઆરી દરમિયાન એક્ઝિબિશનમાં રાસ-ગરબા, હુડો, કથ્થક જેવી કૃતિઓ રજૂ કરીને લોકસંસ્કૃતિનો પરિચય કરાવશે. રસ્તાઓ પર ગુંજતા ઢોલના નાદ અને શરણાઈના સૂર શહેરને ઉત્સવના રંગે રંગી દેશે.

આ સાથે કચ્છનાં વિખ્યાત લાખા મારવાડા ગ્રુપ તથા રાજકોટની પ્રો-એક્ટિવ મ્યુઝિક એકેડમી વાદ્ય સંગીત પ્રસ્તુત કરશે. પરંપરાગત અને આધુનિક સંગીત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેશે. આમ, આ રિજનલ કોન્ફરન્સ માત્ર ઉદ્યોગ અને રોકાણ માટે જ નહી, પરંતુ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ, કલા અને સંગીતનું અનેરું મંચ બની રહેશે.

આલેખન : માર્ગી મહેતા